### વડોદરામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તંત્ર સજ્જ

# શહેરના વિવિધ વોર્ડ મુજબ રિસીવિંગ ડિસ્પેચિંગ અને મતગણતરી કેન્દ્રોની જાહેરાત

(પ્રતિનિધિ) વડોદરા. તા.22

વડોદરા જિલ્લામાં આગામી તા. 26/04/2026 ના રોજ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીઓનો મહાસંગ્રામ ખેલાશે. વડોદરા મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, 8 તાલુકા પંચાયતો અને 4 નગરપાલિકાઓ માટેનું વહીવટી તંત્ર હવે આખરી ઓપ આપી રહ્યું છે. લોકશાહીના આ પર્વમાં નાગરિકો પોતાની લોકશાહી ફરજ અદા કરી શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. તંત્ર દ્વારા તમામ મતદારોને 26 એપ્રિલના રોજ નિયત સમય મર્યાદામાં પોતાના મતદાન મથકે જઈને મતાધિકારનો ઉપયોગ કરવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. લોકશાહીની મજબૂતી માટે તમારો એક મત અત્યંત કિંમતી છે.

**આ ચૂંટણી પ્રક્રિયા હેઠળ નીચે મુજબના એકમોમાં મતદાન યોજાશે**

**મહાનગરપાલિકા**
વડોદરા મહાનગરપાલિકા.

**જિલ્લા પંચાયત**
વડોદરા જિલ્લા પંચાયત.

**તાલુકા પંચાયતો**
પાદરા, કરજણ, શિનોર, સાવલી, ડભોઇ, ડેસર, વડોદરા અને વાઘોડિયા.

**નગરપાલિકાઓ**
ડભોઇ, પાદરા, સાવલી અને વાઘોડિયા.

મહાનગરપાલિકાના તમામ વોર્ડ માટે ચૂંટણી તંત્રે સ્પષ્ટ વ્યવસ્થા જાહેર કરી છે.

**વોર્ડ નંબર 1, 2, 3** પોલીટેકનિક કોલેજ, વડોદરા રૂમ નં. 25 રૂમ નં. 23

**વોર્ડ નંબર 4, 5, 6** કેન્દ્રીય વિદ્યાલય-2 આર્મી, વડોદરા રૂમ નં. 84 (બીજો માળ) રૂમ નં. 83 (બીજો માળ)

**વોર્ડ નંબર 7, 8, 9** સરકારી નર્સિંગ કોલેજ, વડોદરા રૂમ નં. 85 (બીજો માળ) રૂમ નં. 71 (બીજો માળ)

**વોર્ડ નંબર 10, 11, 12** ડો. ઠાકોરભાઇ પટેલ કોમર્સ કોલેજ રૂમ નં. 78 (બીજો માળ) રૂમ નં. 77 (બીજો માળ)

**વોર્ડ નંબર 13, 14, 15** સરદાર વિનય વિદ્યામંદિર, વડોદરા રૂમ નં. 33 (પહેલો માળ) રૂમ નં. 32 (પહેલો માળ)

**વોર્ડ નંબર 16, 17, 18, 19** ભવન્સ સ્કુલ, મકરપુરા ડ્રોઇંગરૂમ (પહેલો માળ) રૂમ નં. 36 અને 37 (પહેલો માળ).

નગરપાલિકાઓ અને ગ્રામ્ય સ્તરે પણ ચૂંટણી અધિકારીઓની દેખરેખ હેઠળ સઘન આયોજન કરાયું છે.

**નગરપાલિકાઓ :** ડભોઇ (ITI કોલેજ), સાવલી (તાલુકા સેવા સદન), પાદરા (એમ.કે. અમીન કોલેજ) અને વાઘોડિયા (તાલુકા સેવા સદન) ખાતે મતદાનના કેન્દ્રો અને સ્ટ્રોંગ રૂમ નક્કી કરાયા છે.

**તાલુકા/જિલ્લા પંચાયત :-** વડોદરા ગ્રામ્ય માટે એમ.પી. પટેલ હાઇસ્કુલ (દશરથ), સાવલી માટે શ્રી બી.કે. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અને અન્ય તાલુકાઓમાં જે-તે તાલુકા સેવા સદન અથવા સ્થાનિક કોલેજોને કેન્દ્ર તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

દરેક સ્થળે પારદર્શિતા જળવાય તે માટે અલગ-અલગ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, જેઓ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સુપરવિઝન કરશે.

**વડોદરા ગ્રામ્ય જિલ્લા પંચાયત** - પારસ ચૌહાણ - નાયબ જિલ્લા વિકાસ અધિકારી

**વડોદરા ગ્રામ્ય તાલુકા પંચાયત** - પી વી જાદવ - મામલતદાર વડોદરા ગ્રામ્ય

**વડોદરા ગ્રામ્ય તાલુકા પંચાયત** - વી એસ પ્રજાપતિ - તાલુકા વિકાસ અધિકારી

**પાદરા જિલ્લા પંચાયત** - પૂનમ આર પરમાર - ખાસ જમીન સંપાદન અધિકારી

**પાદરા તાલુકા પંચાયત** - સી આર ચૌધરી - તાલુકા વિકાસ અધિકારી

**પાદરા તાલુકા પંચાયત** - કલ્પના મહેતા - મામલતદારગેલ

**કરજણ જિલ્લા પંચાયત** - શિવમ બારીયા - પ્રાંત અધિકારી, કરજણ

**કરજણ તાલુકા પંચાયત** - પી બી ચૌધરી - તાલુકા વિકાસ અધિકારી

**કરજણ તાલુકા પંચાયત** - એ એન રાવલ - અકસ્ટ્રા ચીટનીશટુ કલેક્ટર, વડોદરા

**શિનોર જિલ્લા પંચાયત** - એમ આર રામોલ - જીલ્લા આયોજન અધિકારી, વડોદરા

**શિનોર તાલુકા પંચાયત** - એમ પી વીરાણી - તાલુકા વિકાસ અધિકારી

**શિનોર તાલુકા પંચાયત** - એમ જે બારીઆ - મામલતદાર શિનોર

**સાવલી જિલ્લા પંચાયત** - ચિરાગકુમાર પટેલ - નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)

**સાવલી તાલુકા પંચાયત** - હેમંતકુમાર માછી - તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી

**સાવલી તાલુકા પંચાયત** - એ આઇ શૈખ - તાલુકા વિકાસ અધિકારી

**ડેસર જિલ્લા પંચાયત** - સિધ્ધિ વર્મા - જિલ્લા પુરવઠા અધિકારી શહેર, વડોદરા

**ડેસર તાલુકા પંચાયત** - દિનેશકુમાર પટેલ - તાલુકા વિકાસ અધિકારી

**ડેસર તાલુકા પંચાયત** - એસ કે દેસાઈ - મામલતદાર ડેસર

**ડભોઈ જિલ્લા પંચાયત** - જી એન દેસાઇ - જીલ્લા પુરવઠા અધિકારી, ગ્રામ્ય,વડોદરા

**ડભોઈ તાલુકા પંચાયત** - કુતેજલબેન બીરાણા - તાલુકા વિકાસ અધિકારી

**ડભોઈ તાલુકા પંચાયત** - ડી એમ વણકર - સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ, ડભોઇ

**વાઘોડિયા જિલ્લા પંચાયત** - કલ્પના આર ચોધરી - નાયબ કલેક્ટર વુડા

**વાઘોડિયા તાલુકા પંચાયત** - દિપેક્ષકુમાર ડી પટેલ - તાલુકા વિકાસ અધિકારી

**વાઘોડિયા તાલુકા પંચાયત** - એસ પી પવાર - નાયબ કાર્યપાલક ઈજનેર, સિંચાઈ વિભાગ

### વડોદરા વિભાગ શ્રમ આયુક્ત દ્વારા સુચના

# કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી 3 કલાકની રજા અપાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા વિભાગના નાયબ શ્રમ આયુકત દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે, રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગર પાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની ચૂંટણીનું મતદાન આગામી તા.૨૬/૦૪/૨૦૨૬ના રવિવારના રોજ સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ-૨૦૧૯ હેઠળ મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યક્તિ કોઈપણ દુકાન અને સંસ્થામાં નોકરી કરતી હોય અને અઠવાડિક રજા ચૂંટણીના દિવસ તા.૨૬/૦૪/૨૦૨૬ના રવિવારના રોજ ન આવતી હોય તેવા કર્મચારી/કામદાર માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

આ બાબત એવા કોઈપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિતિ ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાનમાં પરીણામે તેમ હોય. આ બાબત રોજમદાર/કેજ્યુઅલ કામદારોને લાગુ પડે છે જેની નોંધ લેવા જણાવાયું છે.

### મેડિકલ સહાયમાં વિલંબ થતાં મોત નિપજ્યું

# કેદારનાથ યાત્રાએ ગયેલા વડોદરાના ટૂર ઓપરેટરના પિતાનું હાર્ટ એટેકથી નિધન

**એક કલાકની** રાહ જોયા બાદ 56 વર્ષીય દિલીપભાઈ એ જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.22

વડોદરા શહેરના શિયાબાગમાં ટ્રાવેલ ઉદ્યોગ સાથે સંકળાયેલા એક યુવાન માટે આ વર્ષની કેદારનાથ યાત્રા જીવનભરનું ક્યારેય ન ભૂલાય તેવું દુઃખદ સંભારણું બની ગઈ છે. વડોદરાના વ્રજ વિહાર કોમ્પ્લેક્સમાં 'ત્રિમૂર્તિ ટુર્સ એન્ડ એડવેન્ચર્સ'ના નામે ટૂર ઓપરેટરનો વ્યવસાય કરતા હેમંત માલી છેલ્લા ત્રણ વર્ષથી શ્રદ્ધાળુઓને કેદારનાથ પાલખી યાત્રા કરાવે છે. આ વર્ષે પણ તેમણે ખૂબ જ ઉત્સાહ સાથે આ યાત્રાનું આયોજન કર્યું હતું, પરંતુ આ યાત્રા તેમના પરિવાર માટે કાળમુખી સાબિત થઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ વર્ષની યાત્રામાં હેમંત માલી પોતાના માતા અને પિતા દિલીપભાઈ માલી (ઉંમર 56 વર્ષ)ને પણ સાથે લઈને ગયા હતા. બુધવારે સવારે કેદારનાથ ધામમાં દર્શન દરમિયાન દિલીપભાઈને અચાનક હ્રદયમાં તકલીફ થતા તેઓ ચક્કર ખાઈને જમીન પર ઢળી પડ્યા હતા. હેમંતભાઈએ તાત્કાલિક મેડિકલ ઈમરજન્સી હેલ્પલાઇન પર ફોન કરીને મદદ માંગી હતી. તેમને ખાતરી આપવામાં આવી હતી કે પાંચ થી દસ મિનિટમાં મેડિકલ ટીમ પહોંચી જશે.

દુર્ભાગ્યવશ, પાંચ-દસ મિનિટના બદલે એક કલાક વીતી જવા છતાં ત્યાં કોઈ મેડિકલ સહાય કે એમ્બ્યુલન્સ પહોંચી નહીં. પિતાની ગંભીર હાલત જોઈને ગભરાઈ ગયેલા હેમંતભાઈએ અંતે હિંમત હારી નહીં અને તેમને જાતે જ સારવાર માટે લઈ જવાની વ્યવસ્થા કરી. જોકે, ગંભીર સ્થિતિમાં સમયસર સારવાર ન મળવાથી રસ્તામાં જ કિંમતી સમય વેડફાઈ ગયો હતો. હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ દિલીપભાઈને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

એક ટૂર ઓપરેટર તરીકે જે દીકરાએ અનેક શ્રદ્ધાળુઓને સુરક્ષિત યાત્રા કરાવવાનો સંકલ્પ કર્યો હતો, તે દીકરો પોતે જ પોતાના પિતાને બચાવી ન શક્યાનો વસવસો આજે તેને કોરી ખાઈ રહ્યો છે. વડોદરાના ગોરવા વિસ્તારમાં આ સમાચાર પહોંચતા જ સ્વજનો અને મિત્રવર્તુળમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. એક હસતો-રમતો પરિવાર કેદારનાથના પવિત્ર દર્શને ગયો હતો, પરંતુ ત્યાંથી તેઓ દિલીપભાઈના પાર્થિવ દેહ સાથે પરત ફરશે તેવી કોઈએ કલ્પના પણ કરી નહોતી.

### વડોદરા પાલિકાની સિક્યુરિટી અને દબાણ શાખાની સંયુક્ત કામગીરી

# શહેરના વિવિધ વોર્ડમાં એક સાથે તવાઈ, ગેરકાયદે બાંધકામો અને પથારા દૂર કરાયા

**ઈએસઆઈ** હોસ્પિટલથી હરીનગર બ્રિજ સુધીનો માર્ગ દબાણમુક્ત બન્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખા દ્વારા શહેરના ટ્રાફિક અને સુંદરતામાં અવરોધરૂપ બનતા ગેરકાયદે દબાણો દૂર કરવાની સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં તારીખ 22-04-2026ના રોજ પાલિકાની ટીમોએ શહેરના વિવિધ વોર્ડમાં વહેલી સવારથી જ ઝુંબેશ શરૂ કરી અનેક વિસ્તારોને દબાણમુક્ત કર્યા હતા.

પાલિકાના દબાણ હટાવ વિભાગે ખાસ કરીને સયાજીબાગના ગેટ નંબર 01, 02 અને 03ની આસપાસના વિસ્તારોમાં લારી-ગલ્લા અને પથારાવાળાઓ પર કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત ટ્રાફિકથી ધમધમતા વિસ્તારો જેવા કે નરહરી સર્કલ પાસે આવેલી બેંક ઓફ બરોડાની ગલી, પેવેલિયન સર્કલ, અને EME સર્કલ પરથી ગેરકાયદે ઉભા રહેતા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. મહાવીર હોલ ચાર રસ્તા, સરદાર વલ્લભભાઈ વિદ્યાલય, સરદાર એસ્ટેટ, બાપોદ તળાવ અને વડોદરાના પોશ વિસ્તાર ગણાતા વૃંદાવન સર્કલ તેમજ રંગ વાટિકા સર્કલ પાસે પણ મ્યુનિસિપલ ટીમે સપાટો બોલાવ્યો હતો. બાપોદ હાઈટેન્શન રોડથી વૃંદાવન થઈ વાઘોડિયા ચાર રસ્તા સુધીના માર્ગો પર પણ નડતરરૂપ દબાણોને હટાવી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

દબાણ શાખાની કાર્યવાહી માત્ર રસ્તાઓ પૂરતી સીમિત ન રહેતા ફતેગંજ બ્રિજ નીચે BSNL કમ્પાઉન્ડની દીવાલ પાસે, અરવિંદ બાગ, હીટડમ પાર્ક અને રાત્રી બજારથી L|T સર્કલ સુધીના વિસ્તારોમાં પણ ફેલાઈ હતી. માણેક પાર્ક સર્કલથી જૂના એરપોર્ટ સુધીના રોડ પર ઉભા રહેતા શ્રમિકોના લારી-ગલ્લા પણ હટાવવામાં આવ્યા હતા. વોર્ડ નંબર 15 ના સ્ટાફ દ્વારા "વન ડે વન રોડ" ઝુંબેશ અંતર્ગત કલાદર્શનથી શિવમ ડુપ્લેક્સ સુધીના રોડ પર નડતરરૂપ દબાણો દૂર કરી વધારાનો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે વોર્ડ નંબર 06 માં ગધેડા માર્કેટ ચાર રસ્તા પાસેથી વિવિધ બોર્ડ અને બેનરો જપ્ત કરી રસ્તાઓને ટ્રાફિક માટે સુલભ બનાવ્યા હતા.

પાલિકાના તંત્રે ભાઈલી સેવાસી TP-02 વિસ્તારમાં પાણીની ટાંકી અને કેનાલ પાસે કોર્પોરેશનના પ્લોટમાં અનઅધિકૃત રીતે મુકવામાં આવેલા સામાનના ઢગલા દૂર કર્યા હતા અને સંબંધિતો પાસેથી દંડ વસૂલવાની કાર્યવાહી પણ કરી હતી.

# નવયુગ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ દ્વારા સિવિલ સર્વિસ દિવસની ઉજવણી



(પ્રતિનિધિ) વડોદરા તા.22

નવયુગ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા તારીખ ૨૧/૪/૨૦૨૬ ના રોજ વડોદરા ભારત સ્કાઉટ અને ગાઈડ દ્વારા સિવિલ સર્વિસ દિવસમી ઉજવણી શહેરના સિવિલ સર્વન્ટને ગુમાસ્તો, આભારપત્ર અને સ્કાઉટ સ્કાર્ફ પહેરાવી શુભેચ્છાઓ પાઠવી. આજ રોજ શહેરની નવયુગ અંગ્રેજી માધ્યમ શાળા સમા, બરોડા હાઈસ્કૂલ,, ડોન બોસ્કો, ઝેનિથ સ્કૂલ, બ્રાઈટ સ્કૂલ જેવી શાળાઓના સ્કાઉટ અને ગાઈડના વિદ્યાર્થીઓ તેમજ સ્કાઉટ અને ગાઈડ સેક્રેટરી, માસ્ટરે શહેરના અરુણ મહેશ બાબુ (IAS), વડોદરા મ્યુનિસિપલ કમિશનર, મમતા હીરપરા (IAS), ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ ઓફિસર, અનિલ ધામેલીયા (IAS) ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટ અને કલેકટર અને નરસિમ્હા કોમર (IPS) કમિશ્નર ઓફ પોલીસને મળ્યા. તેમના વ્યસ્ત સમયમાં પણ ખૂબ મૃદુ અને સરલતાથી બાળકો સાથે વાતો કરી તેમના જીવનમાં માભોમ પ્રત્યે સેવા કરવાના અવસરથી લઈને બાળકોના કરિયર ધ્યેય વિશે વાત કરી અને તેમને પ્રોત્સાહિત કર્યા. તેમણે બાળકોને તેમના જીવનના ધ્યેય ને કેવી રીતે સાકાર કરવો તેની જાણકારી આપી. રાષ્ટ્ર ની સેવી કરવાની તક મળે અને આવા કરિયરમાં આગળ વધે તેની જાણકારી આપી. બાળકોનો ઉત્સાહ તેમને મળીને વધ્યો તેના અમે સૌ આભારી છીએ.

### ગુજરેરાનો મિલકત ખરીદદારો અને બિલ્ડરો માટે સીમાચિહ્નરૂપ ચુકાદો

# ફ્લેટના કાર્પેટ એરિયામાં આંતરિક દીવાલોનો સમાવેશ કાયદેસર

**કાર્પેટ** એરિયાની માપણીમાં હવે નહીં રહે ગૂંચવણ: રેરા એક્ટની કલમ 2(k) મુજબ ઓથોરિટીનું મહત્વનું સ્પષ્ટીકરણ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા) દ્વારા કાર્પેટ એરિયાની વ્યાખ્યા અને તેની ગણતરી અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે, જે રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે માર્ગદર્શક સાબિત થશે. ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટ (RERA) મુજબ ફ્લેટના કાર્પેટ એરિયામાં અંદરની આંતરિક વિભાજન દીવાલો અને કોલમનો સમાવેશ કરવો કાયદેસર છે. આ નિર્ણયથી બિલ્ડર અને ગ્રાહકો વચ્ચે લાંબા સમયથી ચાલતી ગેરસમજને અંત મળ્યો છે.

આ કેસમાં એક ગ્રાહકે બિલ્ડર વિરુદ્ધ ફરિયાદ કરી હતી કે વેચાણ દસ્તાવેજ મુજબ તેમને પૂરતો કાર્પેટ એરિયા મળ્યો નથી. ગ્રાહકે ખાનગી સર્વે રિપોર્ટના આધારે જગ્યા ઓછી હોવાનું કહી વ્યાજ સાથે નાણાં પરત માંગ્યા હતા. પરંતુ સુનાવણી દરમિયાન ઓથોરિટીએ નોંધ્યું કે આ સર્વેમાં ફ્લેટની અંદરની દીવાલોની જગ્યા ગણતરીમાં લેવામાં આવી નહોતી, જેના કારણે રિપોર્ટ ખામીયુક્ત માનવામાં આવ્યો.

ગુજરેરાએ પોતાના ચુકાદામાં RERA એક્ટની કલમ 2(k) તથા 2017ના પરિપત્રનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે 'કાર્પેટ એરિયા' એટલે નેટ ઉપયોગી ફ્લોર એરિયા. આમાં બાહ્ય દીવાલો, સર્વિસ શાફ્ટ, બાલ્કની અને વરંડાનો સમાવેશ થતો નથી, પરંતુ આંતરિક દીવાલોનો એરિયા તેમાં સમાવિષ્ટ ગણાય છે. કાયદાકીય રીતે આ એરિયાને બાદ કરી શકાય નહીં.

ઓથોરિટીએ નિષ્કર્ષ આપ્યો કે આંતરિક દીવાલો અને કોલમનો સમાવેશ કરતાં બિલ્ડરે દસ્તાવેજ મુજબનો પૂરો કાર્પેટ એરિયા આપ્યો છે. તેથી ગ્રાહકની રજૂઆત અસ્વીકાર્ય ગણાવી ફરિયાદ રદ કરવામાં આવી.

નિષ્ણાતોના મતે, આ ચુકાદો રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પારદર્શિતા લાવશે અને ગ્રાહકો તથા ડેવલપર્સ વચ્ચે એરિયા માપણી સંબંધિત વિવાદોમાં ઘટાડો કરશે. સાથે સાથે, ભવિષ્યમાં ફ્લેટ ખરીદતા પહેલાં ગ્રાહકો વધુ સાવચેત બની દસ્તાવેજોની ચોક્કસ તપાસ કરશે, જેથી આવી ગેરસમજો ઉભી ન થાય.

# GDCRના નિયમોમાં કરાશે ફેરફાર રિયલ એસ્ટેટના વિવાદનો અંત આવશે

**ચૂંટણીઓ** પૂર્ણ થયા બાદ આ સુધારાઓ રાજ્યભરમાં અમલમાં મુકાય તેવી શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા તા.22

રાજ્યના રિયલ એસ્ટેટ અને બાંધકામ ક્ષેત્રમાં ચાલી રહેલી વિસંગતતાઓ દૂર કરવા માટે ગુજરાત સરકાર હવે એક્શન મોડમાં આવી છે. જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન (GDCR)માં મહત્વપૂર્ણ સુધારા કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને મિનીપ્લેક્સ, પેઈંગ ગેસ્ટ (PG) અને પ્રિ-સ્કૂલ માટે નવા અને સ્પષ્ટ નિયમો અમલમાં લાવવા સરકાર આગળ વધી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ આ સુધારાઓ રાજ્યભરમાં અમલમાં મુકાય તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

છેલ્લા સમયગાળામાં વડોદરા અને અમદાવાદ જેવા શહેરોમાં મિનીપ્લેક્સને લઈને ટેકનિકલ વિવાદો વધ્યા હતા. હાલના નિયમોમાં મલ્ટીપ્લેક્સ માટે જોગવાઈ હોવા છતાં મિનીપ્લેક્સ માટે સ્પષ્ટ માર્ગદર્શિકા ન હોવાથી અનેક સમસ્યાઓ ઊભી થઈ હતી. અગાઉ અમદાવાદમાં કેટલાક મિનીપ્લેક્સ સીલ કરવાની નોબત પણ આવી હતી. હવે નવા નિયમો હેઠળ કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં મિનીપ્લેક્સ માટે અલગ નીતિ લાવવામાં આવશે અને ફાયર NOC તેમજ બિલ્ડિંગ પ્લાન સંબંધિત ગૂંચવણો દૂર કરવામાં આવશે.

તે ઉપરાંત શહેરોમાં વધતા PG અને રહેણાંક વિસ્તારોમાં ચાલતી પ્રિ-સ્કૂલ માટે પણ નિયમોમાં સ્પષ્ટતા કરવામાં આવશે. કોમર્શિયલ બિલ્ડિંગના એક-બે માળમાં PG સુવિધાને મંજૂરી મળવાની શક્યતા છે, જ્યારે પ્રિ-સ્કૂલ માટે સુરક્ષા અને પારદર્શિતાને ધ્યાનમાં રાખી માર્ગદર્શિકા તૈયાર થશે.

સરકારનો મુખ્ય હેતુ નિયમોને સરળ અને સ્પષ્ટ બનાવી બાંધકામ ક્ષેત્રમાં ગૂંચવણ ઘટાડવાનો છે, જેથી રોકાણ વધે અને અટવાયેલા પ્રોજેક્ટ્સને ગતિ મળે.

### હરણી સ્કલ્પચર પાર્કમાં ખાતે 80 મિનિટમાં 50 રાઉન્ડ સાથે પૃથ્વી નમસ્કાર કર્યા

# એસ.એન.ફાઉન્ડેશન દ્વારા વડોદરામાં યોગથી પૃથ્વી દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

એસ.એન. ફાઉન્ડેશને 22 એપ્રિલે પૃથ્વી દિવસની ઉજવણી એક અનોખી યોગિક અર્પણ "પૃથ્વી નમસ્કાર" દ્વારા કરવામાં આવી હતી. આ અભ્યાસ તેના સ્થાપક પ્રવીણ મરીપેલી દ્વારા રચાયેલ છે, જે 108 સુર્ય નમસ્કારના જાણીતા અને કુશળ પ્રદર્શનકાર તરીકે ઓળખાય છે.



લગભગ 80 જેટલા ભાગ લેનારોએ ઓફલાઇન અને ઓનલાઈન, વડોદરાના હરણી ખાતે આવેલા સ્કલ્પચર પાર્કમાં એકત્રિત થઈ 80 મિનિટમાં 50 રાઉન્ડ સાથે પૃથ્વી નમસ્કાર કર્યા હતા. ભાગ લેનારોએ પૃથ્વીનું આકાર બનાવીને, યોગ મેટ વગર સીધા ઘાસ પર અભ્યાસ કર્યો હતો જે પ્રકૃતિ પ્રત્યે આદર અને તેની સાથેની ઊંડી જોડાણનું પ્રતિક બન્યું હતું. તમામ ભાગ લેનારોએ પ્રવીણ મરીપેલી દ્વારા યોજાયેલ 10 દિવસીય ટ્રેનિંગ વર્કશોપમાં ભાગ લીધો હતો, જેમાં અવાજ, શ્વાસ અને ચળવળ વચ્ચેના સમન્વયને શીખવવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં ફેશિયા સાયન્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. જે શરીરની ચળવળની ગુણવત્તા અને જાગૃતિને વધારવામાં મદદરૂપ બન્યો હતો. આ અભ્યાસમાં અથર્વવેદના ભૂમિ સુક્ત (કાંડ 12, સુક્ત 1) માંથી માતા પૃથ્વીને સમર્પિત સંસ્કૃત શ્લોકનો સમાવેશ પણ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો પ્રારંભ પવિત્ર બ્રહ્મ મુહૂર્ત દરમિયાન સવારે 5:00 વાગ્યે કરવામાં આવ્યો અને 6:20 વાગ્યે પૂર્ણ થયો હતો. ભારતના વિવિધ ભાગોથી અને વિશ્વભરના લોકો પણ ઓનલાઈન જોડાયા હતા.

આ કાર્યક્રમ દ્વારા પૃથ્વીની સંભાળ રાખવાની અને પ્રકૃતિ સાથે જોડાયેલા રહેવાની મહત્વતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

# બેનરો ઉતારવા મુદ્દે પાલિકાની ટીમ અને AIMIMના કાર્યકરો વચ્ચે ઘર્ષણ

**હાથીખાનામાં** બેનરો હટાવવાની કામગીરી દરમિયાન સર્જાયા 'તુતુ-મેમે'ના દ્રશ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.22

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે અને મતદાન આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે શહેરના રાજકીય માહોલમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. તમામ પક્ષો અને અપક્ષ ઉમેદવારો દ્વારા જોરશોરથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન શહેરના હાથીખાના વિસ્તારમાં AIMIM પાર્ટીના બેનરો હટાવવા ગયેલી વડોદરા મહાનગરપાલિકાની ટીમ અને પાર્ટીના કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા.

મળતી માહિતી મુજબ, હાથીખાના વિસ્તારમાં આવેલા મંસૂરી કબ્રસ્તાન પાસે એઆઈએમઆઈએમ પાર્ટી દ્વારા ચૂંટણી પ્રચારના ભાગરૂપે બેનરો લગાવવામાં આવ્યા હતા. આ બેનરો નિયમ વિરુદ્ધ હોવાનું જણાવી મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ ત્યાં બેનરો ઉતારવા માટે પહોંચી હતી. પાલિકાની ટીમ દ્વારા જ્યારે બેનરો ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી ત્યારે ત્યાં હાજર એઆઈએમઆઈએમના કાર્યકર્તાઓ દ્વારા તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો.

જોતજોતામાં મામલો બિચક્યો હતો અને પાલિકાના કર્મચારીઓ તથા એઆઈએમઆઈએમના કાર્યકરો વચ્ચે સામસામે ઉગ્ર દલીલો અને 'તુતુ-મેમે' સર્જાઈ હતી. કાર્યકર્તાઓનો આક્ષેપ હતો કે તંત્ર દ્વારા કિન્નાખોરી રાખીને માત્ર તેમના જ બેનરો ઉતારવામાં આવી રહ્યા છે. આ ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ચૂંટણીની આ ગરમાગરમી વચ્ચે બનેલી આ ઘટનાએ સમગ્ર શહેરમાં ચર્ચા જગાવી છે.

# 20 ઊંટનાં મોત કેસમાં NGTની ONGC સહિત અધિકારીઓને નોટિસ

(પ્રતિનિધિ) ભરૂચ,તા.22

વાગરા તાલુકામાં કથિત પાણી દૂષણને કારણે 20થી વધુ ઊંટોનાં મૃત્યુ થયાના મામલે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) ગંભીર બન્યું છે. ટ્રિબ્યુનલે પીડિત પશુપાલકની અરજી સ્વીકારીને ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) તેમજ અન્ય અધિકારીઓને નોટિસ ફટકારી દીધી છે. આ મામલાની આગામી સુનાવણી 19 જૂનના રોજ નક્કી કરવામાં આવી છે. ઉસ્માનભાઈ રહેમાનભાઈ કચ્છીએ 2023માં ONGCની પાઈપલાઈનમાંથી લીકેજને કારણે દૂષિત પાણી પીવાથી તેમનાં 25 જેટલાં માદા ખારાઈ ઊંટોનાં મૃત્યુ થયાનો આરોપ મૂકતાં વળતર માટે અરજી દાખલ કરી હતી. તેમના પિતા આજે રહેમાનભાઈ આજે હયાત નથી. આ ઘટના 2023ની છે, જ્યારે તેમના પિતા રહેમાન એક પરંપરાગત પશુપાલક, ખારાઈ ઊંટોને ચરાવી રહ્યા હતા. NGTએ અરજી સ્વીકારતા નોંધ્યું કે, અરજદારે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ના 23 મે, 2023ના આદેશની નકલ સાથે રજૂ કરી હતી.

# કન્ટેઈનર ચાલકે ટક્કર મારતા પિતા પર કન્ટેઈનરનું ટાયર ફરી વળતા મોત

**પિતા** અને પુત્ર વિલાયત ચોકડી પર આવેલાં એક શોપિંગમાંથી સામાન લઈ ઘરે પરત આવવા માટે નિકળ્યાં હતાં

**વાગરા** પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) ભરૂચ, તા.22

વાગરા તાલુકાના અરગામા ગામે નવી નગરી વિસ્તારમાં રહેતાં વિનોદ કમલેશ વસાવા ગત ૨૦મીએ સાંજના સમયે તેમના પિતા કમલેશ દેસાઈ વસાવા સાથે તેમની બાઈક પર વિલાયત ચોકડી પાસે સામાન ખરીદી કરવા માટે ગયાં હતાં. તેઓએ વિલાયત ચોકડી પર આવેલાં એક શોપિંગમાંથી સામાન લઈ ઘરે પરત આવવા માટે નિકળ્યાં હતાં. દરમિયાનમાં થોડે દૂર આવેલાં નાળા પાસે પહોંચતાં એક કન્ટેઈનરના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાનું કન્ટેઈનર હંકારી લાવી તેમની બાઈકને પાછળથી ટક્કર મારતાં પિતા-પુત્ર બન્ને રોડ પર ફંગોળાઈ ગયાં હતાં. દરમિયાનમાં તેમના પિતા પરથી કન્ટેઈનરનું ટાયર ફરી વળતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે કન્ટેઈનર ચાલક તેનું વાહન સ્થળ પર જ મુકી ભાગી ગયો હતો.

ઘટનાને પગલે આસપાસના લોકો એકત્ર થઈ ગયાં હતાં. લોકોએ તેમના પિતાને બહાર કાઢી જોતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હોવાને કારણે તેમને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ની મદદથી ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડયાં હતાં. જયાંથી તેમને વધુ સારવાર માટે વડોદરા અને બાદમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયાં હતાં. જયાંથી પરત ભરૂચ લાવતી વેળાં તેમનું મોત નીપજયું હતું. બનાવને પગલે વાગરા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહાનગરપાલિકા દ્વારા થર્મોપ્લાસ્ટિક પેઈન્ટથી રોડ માર્કિંગની કામગીરી પૂર્ણ

(પ્રતિનિધિ) વડોદરા. તા.22

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના માર્ગોને વધુ સુરક્ષિત બનાવવા અને ટ્રાફિક વ્યવસ્થાને સુદ્રઢ કરવાના હેતુથી એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તાજેતરમાં ચાલી રહેલા 'સ્વચ્છતા સર્વેક્ષણ'ને ધ્યાનમાં રાખીને તથા રાહદારીઓ અને વાહનચાલકોની સુવિધા માટે શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર થર્મોપ્લાસ્ટિક પેઈન્ટ દ્વારા રોડ માર્કિંગ કરવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.



આ કામગીરીમાં વપરાયેલ થર્મોપ્લાસ્ટિક પેઈન્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તે લાંબો સમય ટકી રહે છે. વધુમાં, આ પેઈન્ટ રાત્રિના પ્રકાશમાં રિફ્લેક્ટ થતો હોવાથી વાહનચાલકોને માર્ગદર્શન મળી રહે છે, જે ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં અત્યંત મદદરૂપ સાબિત થાય છે.

શહેરના વ્યસ્ત વિસ્તારોમાં વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે મીરા ચાર રસ્તા, સરદાર એસ્ટેટ ચાર રસ્તા થી આજવા રોડ, સુસેન ચાર રસ્તા થી તરસાલી શાક માર્કેટ, ઉમા ચોકડી થી સંગમ ચાર રસ્તા, વૃન્દાવન ચાર રસ્તા થી વાઘોડીયા રોડ. આ મુખ્ય માર્ગો પર સેન્ટર લાઈન, એજ લાઈન, ડિવાઈડર લાઈન અને ઝેબ્રા ક્રોસિંગ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

રાત્રિના સમયે વાહનચાલકોની સુરક્ષા માટે પાલિકાએ વિશેષ ધ્યાન આપ્યું છે. અકસ્માતો ઘટાડવાના હેતુથી શહેરના સ્પીડ બ્રેકર્સ પર પણ આધુનિક પેઈન્ટથી પટ્ટા પાડવામાં આવ્યા છે, જેથી વાહનચાલકોને રાત્રિના અંધારામાં પણ સ્પીડ બ્રેકર્સ સ્પષ્ટ રીતે જોઈ શકાય.

વડોદરા મહાનગરપાલિકાના જનસંપર્ક વિભાગ દ્વારા તમામ શહેરના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ ટ્રાફિકના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરે. શહેરને વધુ સુવ્યવસ્થિત, સુરક્ષિત અને સુંદર બનાવવાની આ મુહિમમાં પાલિકાને તમામ નાગરિકોનો સહયોગ મળે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

GUJARAT INDUSTRIES POWER COMPANY LTD.
P.O. RANOLI-391350, DIST: VADODARA
BIENNIAL RATE CONTRACT FOR RUNNING INDUSTRIAL CANTEEN AT GIPCL- VADODARA PLANT FOR THE YEAR 2026-28
Interested bidders may submit their bids on two-part basis through (n) procure. (Tender ID : 298326) It can also be viewed on company's website www.gipcl.com. The last date of submission of the bid is 12.05.2026 up to 17.30 hrs.
General Manager (M&C)